# એક કોલેજ ખાલી કરો બીજી ભરો; સુરતની ગાંધી એન્જિનિયરિંગના સ્ટાફ નિમણૂંકમાં પણ આવુ!

## ગર્લ્સ પોલિટેકનિક કોલેજના આધ્યાપકને ગાંધી કોલેજમાં નિમણૂંક કરવા સામે વિવાદ

**સુરત, તા.૨૭**

સરકારી ટેકનિકલ કોલેજોમાં સ્ટાફની અછત દૂર કરવાની જવાબદારી નિભાવવાને બદલે એક સંસ્થામાંથી અધ્યાપકોને ખસેડીને બીજી સંસ્થાની ખાલી જગ્યાઓ ભરવાના વહીવટી નિર્ણય સામે હવે ગંભીર સવાલો ઉઠ્યા છે. સુરતની ગર્વમેન્ટ પોલિટેકનિક ફોર ગર્લ્સમાંથી ગાંધી ગર્વમેન્ટ એન્જિનિયરિંગ કોલેજમાં અધ્યાપકોને ફરજ સોંપવામાં આવતા એક સંસ્થાની જરૂરિયાત પૂરી કરવા બીજી સંસ્થાના શૈક્ષણિક આયોજનને અસર પહોંચાડાઈ રહી હોવાનો આક્ષેપો ઉઠ્યા છે.

રાજય સરકાર દ્વારા ગાંધી ગર્વમેન્ટ એન્જિનિયરિંગ કોલેજમાં વર્તમાન સમયનાં હોટફેવરીટ એવા કોમ્પ્યુટર એન્જિનયરીંગની બેઠકો વધારવાની સાથે એકપણ કાયમી અધ્યાપક ન હોવાથી પોલિટેકનિકના કોમ્પ્યુટર અને આઈટી વિભાગમાં મોટો શૈક્ષણિક કાર્યભાર હોવાની રજૂઆત હોવાની રજુઆત હોવા છતા અધ્યાપકોની બદલી કરવામાં આવી છે. જેને પગલે વિદ્યાર્થીનીઓના લેક્ચર, પ્રેક્ટિકલ અને લેબના શૈક્ષણિક કાર્યમાં કોઈ ઘટાડો નહીં થાય તેની શું વ્યવસ્થા કરવામાં આવી છે? તે પૂરી કરવા નવી ભરતી ક્યારે કરવામાં આવશે? એક સંસ્થાની ખાલી જગ્યા ભરવા બીજી સંસ્થાની શૈક્ષણિક વ્યવસ્થા નબળી પાડવાનો નિર્ણય વિદ્યાર્થીહિતની કસોટી પર કેટલો ખરો ઉતરે છે તે મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે.

હાલ 6 અધ્યાપકોની બદલી સાથે ભરતી કરવામાં આવી છે. જેમાં 4 અધ્યાપકોને ગર્લ્સ પોલીટેકનીક કોલેજમાંથી ખસેડીને ગાંધી એન્જિનિયરીંગમાં મુકવામાં આવ્યા છે, એટલુ જ નહીં પણ ગર્લ્સ પોલિટેકનિકમાંથી કુલ 11 અધ્યાપકોઓની અન્યત્ર બદલી કરવામાં આવી છે. જેથી ગર્લ્સ પોલિટેકનિક કોલેજમાં અધ્યાપકોની અછત ઉભી થઇ છે. ગર્લ્સ પ્રશ્ન ઉઠ્યો છેએ. જો સ્ટાફની અછત બંને સંસ્થાઓમાં છે તો બંનેની જરૂરિયાત એકસાથે


**સેન્ટ બેંક હોમ ફાયનેન્સ લિમિટેડ**
**Cent Bank Home Finance Limited**
સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા ની અનુષંગી Subsidiary of Central Bank of India

**પરીશિષ્ટ -૪- એ [જુઓ રૂલ ૮(૬) ]**
**હેઠળ સ્થાવર મિલકતોની**
**ટેન્ડર કમ ઓકશન સેલ નોટીસ**

**સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ (એકટ ) સાથે વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૮(૬) અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટેની ઓકશન નોટીસ**
આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારો જેમની નીચે જણાવેલ સ્થાવર મિલકત જે સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિ. પાસે ગીરો મુકેલ હતી,જેનો **વાસ્તવિક કબજો** સલામત ઘીરાણકર્તા સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડના અધિકૃત અધિકારીએ લીધો છે જેનું **'જેમ છે જયાં છે' 'જેમ છે તેમ છે' અને ' ત્યાં ગમે તે હોય'** ના ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિંમત , અર્નેસ્ટ મની ડીપોઝીટ અને સ્થાવર મિલકતનું વર્ણન નીચે મુજબ છે.

| અ. નં. | દેવાદાર/ સહદેવાદાર/ ગીરોદાર અને ખાતા નંબર | મિલકતની વિગત | ડીમાન્ડ નોટીસની તારીખે બાકી રકમ | તારીખ ડીમાન્ડ નોટીસની / કબજાની / ઓકશનની | અનામત કિંમત (રૂ.) / અર્નેસ્ટમની ડીપોઝીટ(રૂ.) ૧૦ ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | **શ્રી આશિષ મણીશ્યામભાઈ અગ્રવાલ અને શ્રીમતી સાવિત્રીબેન મણીશ્યામ અગ્રવાલ** **લોન ખાતા નં. એચ.એલ. ૦૧૬૦૪૦૧૦૦૦૦૨૪૮** | **તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત ફલેટ નં. એ-૨૦૪, બીજા માળે, ટાવર-એ,તિલક એવેન્યુ, ત્રિલોકનગર સોસાયટીની સામે, આયુર્વેદિક કોલેજ રોડ, વડોદરા ૩૯૦૦૧૬ મિલકતનું ક્ષેત્રફળ ૬૬૦ ચો.ફૂટ ચતુઃસીમા : પૂર્વે : ૧૮ મી.નો રોડ, પશ્ચિમે: ફલેટ નં.એ-૨૦૩, ઉત્તરે : ફલેટ નં.એ-૨૦૧, દક્ષિણે : ફલેટ નં.એ-૨૦૨, ફલેટ નં. એ-૨૦૫, બીજા માળે, ટાવર-એ,તિલક એવેન્યુ, ત્રિલોકનગર સોસાયટીની સામે, આયુર્વેદિક કોલેજ રોડ, વડોદરા ૩૯૦૦૧૯ મિલકતનું ક્ષેત્રફળ ૬૬૦ ચો.ફૂટ ચતુઃસીમા : પૂર્વે : ૧૮ મી.નો રોડ, પશ્ચિમે: ફલેટ નં.એ-૨૦૩, ઉત્તરે : ફલેટ નં.એ-૨૦૪,દક્ષિણે : ફલેટ નં.એ-૨૦૮** | **રૂ.૩૩,૬૬,૩૦૫/- (રૂપિયા તેંત્રીસ લાખ છાંસઠ હજાર ત્રણસો પાંચ પુરા) + વ્યાજ અને અન્ય ચાર્જિસ** | **૨૪.૦૪.૨૦૨૪** / **૧૩.૧૧.૨૦૨૫ (વાસ્તવિક)** / **૨૮.૦૯.૨૦૨૬** | **રૂ. ૪૪,૮૦,૦૦૦/-** / **રૂ. ૪,૪૮,૦૦૦/-** |
| ૨. | **શ્રી ચેતન સોલંકી અને શ્રી કિરણ સોલંકી** **લોન ખાતા નં. એચ.એલ ૦૧૬૦૩૦૧૦૦૦૦૧૩૨** | **તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત ફલેટ નં. બી-૨૧૩,બીજા માળે,સી.સી.નં.૧૫૬૧,૧૫૬૨ અને સી.સ.નં.૧૫૬૨ણે દક્ષિણ તરફનો ભાગ મોજે ભાયલી,શ્રી જી ફલેટસ,હંસા મહેતા પ્રાઈમરી સ્કુલ નજીક,વડસર, વડોદરા ૩૯૦૦૧૦ મિલકતનું ક્ષેત્રફળ ૪૧૮.૨૪ ચો.ફૂટ. ચતુઃસીમા :પૂર્વે : ફલેટ નં.૨૧૨, પશ્ચિમે: પેસેજ અને ફલેટ નં.૨૧૪, ઉત્તરે : પેસેજ અને ફલેટ નં.૨૨૩,દક્ષિણે : ખુલ્લી જગ્યા** | **રૂ.૧૧,૯૮,૦૪૮/- (રૂપિયા અગિયાર લાખ અઠ્ઠાણુ હજાર ઉડતાલીસ પુરા) + વ્યાજ અને અન્ય ચાર્જિસ** | **૨૪.૦૪.૨૦૨૪** / **૨૨.૧૧.૨૦૨૫ (વાસ્તવિક)** / **૨૮.૦૯.૨૦૨૬** | **રૂ. ૧૪,૪૩,૦૦૦/-** / **રૂ. ૧,૪૪,૩૦૦/-** |
| 3. | **શ્રી મહેન્દ્ર કુમાર ખટાલ અને શ્રીમતી સુમિત્રાબેનખટાલ** **લોન ખાતા નં. એચ. એલ ૦૧૬૦૩૧૦૦૦૦૧૭૬** | **તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત એસએફ-૨૦૫,૨ક્ષાક્ષ એવેન્યુ,ભારત પેટ્રોલ પંપની સામે,કર્ણોર રોડ વડોદરા ૩૯૦૦૧૯ મિલકતનું ક્ષેત્રફળ ૬૫.૬૬ ચો.મી. ચતુઃસીમા : પૂર્વે : ખુલ્લી જગ્યા , પશ્ચિમે: ફલેટ નં.૨૦૬, ઉત્તરે : ઓટીએસ અને પેસેજ ,દક્ષિણે : ખુલ્લી જગ્યા** | **રૂ.૧૭,૮૭,૬૫૯/- (રૂપિયા અગિયાર લાખ અઠ્ઠાણુ હજાર ઉડતાલીસ પુરા) + વ્યાજ અને અન્ય ચાર્જિસ** | **૨૮.૦૮.૨૦૨૫** / **૨૭.૧૧.૨૦૨૫ (વાસ્તવિક)** / **૨૮.૦૯.૨૦૨૬** | **રૂ. ૨૫,૭૦,૦૦૦/-** / **રૂ. ૨,૫૭,૦૦૦/-** |

**નિયમો અને શરતોઃ**
(૧) હરાજી **'જેમ છે જયાં છે' અને જે છે' અને ' જે છે તે છે '** ના ધોરણે યોજાશે. (૨) ગીરો મુકેલ મિલકત અનામત કરતા ઓછી કિંમતે નહીં વેચાય. (૩) ઈચ્છુક ખરીદનાર/બીડરે તેની દરખાસ્ત નિશ્ચિત ટેન્ડર ફોર્મમાં અર્નેસ્ટમની ડીપોઝીટ સાથે ( અનામત કિંમતના ૧૦ ટકાથી ઓછી નહીં) ની સાથે બંધ કવરમાં દરેક મિલકત માટે જુદી જુદી મોકલવાની રહેશે. ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ/આરટીજીએસ/ઓનલાઈન **સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિ.ની તરફેણમાં વડોદરા ખાતે ચુકવવાપાત્ર તા.૨૮/૦૯/૨૦૨૬ના રોજ સાંજે 3.00 કલાક સુધીમાં**(ઉપરની બધી મિલકતો માટે) સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ વડોદરા શાખાના સરનામે મોકલવાના રહેશે. (૪) બંધ કવર વડોદરા શાખાના અધિકૃત અધિકારી દ્વારા પાત્રતા ઘરાવતા/ઈચ્છુક બીડર્સ જેઓએ ઈએમડીની રકમ રાષ્ટ્રીયકૃત બેંક આરટીજીએસ/ઓનલાઈન પેમેન્ટથી મોકલી હશે તે **તા.૨૮.૦૯.૨૦૨૬ના રોજસાંજે ૪.૦૦ કલાકે ઓકશન સેલ** માટે ખોલવામાં આવશે.\ (૫) અધિકૃત અધિકારીની ઉત્તમ જાણ મુજબ વેચાણમાં મુકવામાં આવેલી મિલકત પર કોઈ બોજો નથી છતાં ઈચ્છુક બીડરે પોતાના હિત માટે મિલકત પત્રના બોજા,ટાઈટલ/દાવા/અધિકારો/બાકી દેણા તથા મિલકતને સંબંધિત તમામ જરૂરી ચકાસણી કર્યા બાદ જ એમની ઓફરો મોકલવી.આ જાહેરાત કોઈપણ પ્રકારની પ્રતિબદ્ધતા દર્શાવતી નથી કે દર્શાવશે નહીં અને તે બેંકનું પ્રતિનિધિત્વ કરતી નથી.તમામ મિલકત હાલના અને ભવિષ્યના જાણતા કે અજાણતા બોજા સાથે કરવામાં આવે છે. અધિકૃત અધિકારી/વસામત ધિરાણ કરનારાઓ કોઈપણ પ્રકારના ત્રાહિત દાવા/અધિકારો/લેણા માટે જવાબદાર રહેશે નહીં. (૬) બીડરની એ જવાબદારી છે કે મિલકતની ગુણવત્તા કે અન્ય કોઈ બાબત સંબંધે જરૂરી લાગે તે તપાસ કરી આગળ ઓફર રજુ કરવી.હરાજીમાં મુકાનારી મિલકતનુ નિરીક્ષણ સ્થળ પર **૧૬/૦૯/૨૦૨૬ થી ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજના ૪.૦૦ વાગ્યા** દરમિયાન કરી શકાશે. (૭)સફળ બીડરની ઈએમડી ચુકવણીના ભાગ રૂપે રાખી લેવામાં આવશે અને નિષ્ફળ બીડરોને ઈએમડી પરત કરવામાં આવશે એના પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે.વેચાણ ઉંચી બોલી કરનારની તરફેણમાં કરવામાં આવશે.વેચાણ સલામત ધિરાણ કરનારાઓના સમર્થનને આધિન રહેશે.ઉંચી બોલી બોલનારને અધિકૃત અધિકારી/ધિરાણ આપનાર તરફથી મંજુરી અનિવાર્ય ગણાશે. (૮) સફળ થનાર બીડરે પોતે બોલેલી કિંમતના રપ ટકા (ઈએમડી સાથે) એ જ દિવસે ચુકવવાના રહેશે અને બાકીની રકમ એટલે કે વેચાણ કિંમતના ૭૫ ટકા સલામત ધિરાણ આપનારાઓ તરફથી વેચાણને મંજુર કર્યા બાદ અધિકૃત અધિકારીને દિવસ ૧૫માં ચુકવી દેવાના રહેશે.જો તેમ કરવામાં ખરીદનાર નિષ્ફળ જશે તો અત્યાર સુધી તેણે જમા કરાવેલી તમામ રકમ (અર્નેસ્ટ મની સહિત) જપ્ત કરાવેલી આવશે અને મિલકતને ફરીથી વેચાણમાં મુકવામાં આવશે અને તેમાં નિયમ મુજબ ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલા ખરીદનારને તેમાં ભાગ લેવા નહીં દેવાય.(૯) ખરીદનારે સ્ટેમ્પ ડયુટી/વદ્યારાની સ્ટેમ્પ ડયુટી/ ટ્રાન્સફર ચાર્જિસ ફી વગેરે અને તથા ચેઘાનિક લેણાઓ,કરવેરા,વ્યાજ,એસાઈમેન્ટ ચાર્જિસ વગેરે ચુકવવાના રહેશે. (૧૦) અધિકૃત અધિકારી સૌથી ઉંચી બોલી સ્વીકારવા બાધ્ય નથી અને એનો સ્વીકાર કરવો /હરાજી મુલતવી રાખવી /અટકાવવી કે રદ કરવી એ બાબતે કોઈ પણ કારણ આપવા અધિકૃત અધિકારી બંધાયેલ નથી. (૧૧) આ દેવાદાર/જામીનદાર/ઉપર જણાવવામાં આવેલા મિલકતના માલિકોને ઉપર જણાવેલી લોનના સંબંધે સરફાયેસી એકટ ૨૦૦૨ના ખંડ ૮(૬)મુજબ મિલકતના વેચાણ અગાઉ જાણ કરતી ચેઘાનિક નોટીસ છે.

**વડોદરા , તા. ૨૭.૦૮.૨૦૨૬** — **અધિકૃત અધિકારી ,સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ વડોદરા**

**- જો ભાષાંતરમાં વિગતોની ક્ષતિ હશે તો અંગ્રેજી સંસ્કરણની વિગતો જ માન્ય ગણાશે.**

**બ્રાન્ચ : - પહેલા માળે ૧૨૨-૧૨૩,કાન્હા કેપીટલ,એક્સપ્રેસ હોટેલની સામે,આર.સી.દત્ત રોડ અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૦૭ ફોન નં.: ૭૦૨૪૧૧૦૦૧૯/૭૦૨૪૧૫૫૨૪૩ | CIN:-U65922MP1991PLC006427**


# બિલ્ડર સાથેના મેળાપીપણામાં નાસિરનગરના લોકો સાથે અન્યાય કરાયાનો અસલમ સાયકલવાળાનો સીધો આક્ષેપ

## ઝૂપડપટ્ટીના વસાહતીઓને આપવામાં આવતા વેરાબીલમાં પણ જમીનના માલિક તરીકે સુરત મનપાનું નામ દર્શાવાતું હતું

**સુરત, તા.૨૭**

નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં મનપાના પૂર્વ કોર્પોરેટર સાયકલવાલાએ રાજય સરકાર દ્વારા નિમાયેલી તપાસ સમિતિ સમક્ષ વિસ્તૃત રજૂઆત કરતા વિવાદનો નવો મધપૂડો છંછેડ્યો છે. નાસીરનગરના ગરીબ અને શ્રમજીવી પરીવાર સાથે અન્યાય થઈ રહ્યો હોવાનો આક્ષેપ પણ તેમના દ્વારા કરવામાં આવ્યો હતો.

વેડદરવાજા ખાતે આવેલી નાસીરનગર વસાહતના કાચા-પાકા મકાનોનું ગેરકાયદે ડિમોલીશન કરવામાં આવતા વિવાદ સર્જાયો હતો. કસુરવારો સામે કાર્યવાહી કરવા માટે રાજય સરકાર દ્વારા કમિટીની રચના કરવામાં આવી હતી. શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અને તપાસ સમિતિના અધ્યક્ષ એમ. થેન્નારસન તેમજ સમિતિના સભ્ય રાજકુમાર બેનીવાલ સમક્ષ કોંગ્રેસના પુર્વ કોર્પોરેટર અસલમ સાયકલ દ્વારા લેખિતમાં રજુઆત કરી તપાસની માંગણી કરવામાં આવી છે.

કોંગ્રેસના પુર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, વેડ દરવાજા ખાતે આશરે ૫૫ વર્ષ જુની "નાસીર નગર" વસાહત આવેલી છે. આ વસાહતમાં વેરાબીલ અને પ્રાથમિક સુવિધાઓના કામ વર્ષોથી સુરત મનપાના કતારગામ ઝોન દ્વારા કરવામાં આવ્યા છે. સુરત મનપાના વેરાબીલ પર "HOLDER-SURAT MUNICIPAL CORPORATION" લખવામાં આવે છે, એટલે સ્વાભાવિક છે કે, સ્થાનિકો ને એમ જ જાણ હતી કે, તેઓ સુરત મહાનગરપાલિકાની જમીન પર વર્ષોથી વસવાટ કરી રહ્યા છે અને ભવિષ્યમાં જ્યારે પણ શહેર વિકાસ અર્થે એમના કાચા પાકા મકાનોની જરૂર પડશે તો એમને અગાઉના અસરગ્રસ્તો ને મળેલા વૈકલ્પિક આવાસમાં એજ નીતિરીતિ એ ફલેટની ફાળવણી કરવામાં આવશે. પરંતુ હવે તેમને ભેસ્તાન ખાતે ઈડબલ્યુએસ આવાસની ફાળવણી કરીને અન્યાય કરવામાં આવી રહ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, બિલ્ડર્સ સાથે મેળાપીપણા કરીને આર્થિક હીત માટે ઓન પેપર ૪૦ ફૂટની લાઈનદોરી માટે ડીમાર્કેશન કરવાની કામગીરી દર્શાવીને ડીમોલેશન હાથ ધરી પીડિત પરિવારો ને ઘર વિહોણા કરવામાં આવ્યા હતા. જો નાસિરગનરના અસરગ્રસ્તો સાથે મુલાકાત કરી તેમની રજુઆત સાંભળવામાં આવે તો સાચી હકીકત બહાર આવે તેમ છે. નાસિરનગર વસાહતના ડીમોલીશન દરમિયાન મનપાની મંજુરી વગર સ્થળ પર બાંધકામ કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું. જેને પગલે મનપા દ્વારા નોટીસ આપીને બાંધકામ રોકવા માટે જણાવવામાં આવ્યું હતું.

# ઉચ્છલ તાલુકાના સાયબર ફ્રોડના અપરાધીને પોલીસે બનાસકાંઠાના દાંતામાંથી ઝડપી પાડ્યો

## સોશિયલ મીડિયા એકાઉન્ટમાં ગેરકાયદે લોગીંગ કરી ભરત સોલંકીએ ફરિયાદીના મિત્રોને મેસેજમાં અપશબ્દોનો ઉપયોગ કર્યો

વ્યારા: સોશિયલ મીડિયા પર બુલિંગ અને સાયબર પજવણી વિરુદ્ધ ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત ડોલવણ પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે બનાસકાંઠાના દાંતા તાલુકામાંથી એક સાયબર ક્રાઈમ કરેલા આરોપીને ઝડપી લીધો હતો.

ડોલવણ પોલીસ મથકે નોંધાયેલા ગુના મુજબ, આરોપી ભરત લક્ષ્મણ સોલંકી (રહે. કુંવારશી, ઠાકોરવાસ, તા.દાંતા, જિ. બનાસકાંઠા)એ ફરિયાદીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પોતાના મોબાઈલમાં ગેરકાયદે લોગ-ઈન કર્યું હતું. આરોપીએ એકાઉન્ટમાંથી અંગત ફોટા મેળવી સ્ટોરીમાં મુક્યા હતા તેમજ ફરિયાદીના મિત્રને મેસેજમાં ગાળાગાળી કરી સાયબર બુલિંગ કર્યું હતું. તાપી જીલ્લા પોલીસ અધિક્ષક જે.એન. દેસાઈ અને ડીવાયએસપી પ્રમોદ નરવાડેના માર્ગદર્શન હેઠળ ડોલવણ પોલીસે ટેકનિકલ ડેટા ટ્રેસ કરી આરોપીને ૨૫ ઓગસ્ટે બનાસકાંઠાથી ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. સોશિયલ મીડિયા એકાઉન્ટ હેકિંગથી બચવા માટે પાસવર્ડ ઉપરાંત ઓટીપી વગર લોગ-ઈન ન થાય તેવી સિક્યોરિટી સિસ્ટમ ચાલુ રાખવા અને ફિશિંગ લિંક કે શંકાસ્પદ મેસેજ દ્વારા લોગ-ઈન ડિટેઈલ્સ ક્યારેય શેર ન કરવી એમ તાપી પોલીસે નાગરિકોને સુરક્ષા હેતુ સાવચેત રહેવા અપીલ કરી છે.

## ઓલપાડની કોબા પ્રાથમિક શાળા રક્ષાબંધન પર્વની રંગેચંગે ઉજવણી

ઓલપાડ, તા.૨૭

ઓલપાડ તાલુકાની પ્રાથમિક શાળા કોબા ખાતે વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા હર્ષોલ્લાસ તથા ભાવસભર વાતાવરણમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે વિદ્યાર્થીઓએ એકબીજાને રાખડી બાંધી ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ, લાગણી, વિશ્વાસ અને રક્ષણના સંબંધને ઉજાગર કર્યો હતો. આચાર્ય ધર્મેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ભાઈ-બહેનનો સંબંધ માત્ર લોહીનો સંબંધ નથી, પરંતુ પ્રેમ, લાગણી, ત્યાગ અને એકબીજાની સંભાળનું પવિત્ર બંધન છે. તેમણે વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વનું મહત્વ તેમજ આ પર્વની પરંપરા અને તેની શરૂઆત સાથે જોડાયેલી ઐતિહાસિક માન્યતાઓ વિશે સમજ આપી હતી.

# ડુમસના મેહુલ પટેલને મંદિરમાં ભેટી ગયેલો અને ૨૩ લાખ પડાવનાર પંજાબના રિપુ સુદાનની ધરપકડ

## રિપુ સુદાન વિવિધ મંદિરોમાં ઘુસીને પોતે ખૂબ જ પ્રામાણિક અને જમીન, શેર બજારમાં રોકાણની લાલચ આપી ફસાવતો હતો

**સુરત, તા.૨૭**

ડુમસના આમલી ફળિયામાં રેહતો મેહુલ ભરત પટેલ ઈલેક્ટ્રીશયન છે અને રોજ ઘરની નજીક ભગવાન ગણેશના મંદિરે જતો હતો.તે સમયગાળામાં રિપુ સુદાન નામનો વ્યક્તિ રહે પાલ આર.ટી.ઓ.પાસે મૂળ રહે પ્રેમનગર ચિતોડગઢ રાજસ્થાનની સાથે મંદિરમાં મુલાકાત થઇ હતી.તે સમયે રિપુ સુદાનએ એમ કહ્યું હતું કે હું જમીન મકાન અને શેર બજારમાં રોકાણ કરું છું.તમારે રૂપિયા રોકવા હોય તો મને કહેજો અને મોટું વળતર મળશે તેવી લાલચ આપી હતી.

લાલચમાં આવીને મેહુલ પટેલએ ટુકડે ટુકડે ૨૩.૨૪ લાખ જેટલી રકમ રિપુ સુદાનને આપી દીધી હતી.રિપુ સુદાન એ શરૂઆતમાં ૫ ટકા નફો આપ્યો હતો.તેમજ જે રકમ લીધી હતી તેમાં થોડો થોડો નફો આપીને મેહુલ પટેલને સમજાવી દેતો હતો.જોકે બાદમાં નફો કે રકમ આપવાનું બંધ કરી દીધું હતું.મેહુલ પટેલએ રિપુ સુદાનને ફોન કરીને રૂપિયા માંગ્યા તો તેણે સામેથી ધમકી આપી હતી અને એમ કહ્યું હતું કે મારી મોટી ગેંગ છે તારું જીવવાનું હરામ કરી દેવા એમ કહીને રૂપિયા પરત આપવાની ના પાડી દીધી હતી. જે બાબતે મેહુલ પટેલએ રિપુ સુદાનની સામે ડુમસ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ કેસમાં ડુમસ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી.જેમાં મળેલી માહિતીને આધારે ડુમસ પોલીસની એક ટીમ અમૃતસરના પંજાબ ખાતે પહોચી હતી અને રિપુ સુદાન ઉર્ફે રીપ્સા રાહુલ ઉર્ફે રૂપેશ ભેરૂલાલજી ખીચી રહે.બેનટ વેસ્ટર્ન હોટલ અમૃતસર પંજાબ મૂળ રહે.ડુંગલા જી.ચિતોડગઢ રાજસ્થાનને હોટલ વેસ્ટર્ન માંથી ઝડપી લઈને સુરત લઈ આવી હતી.રિપુ સુદાન રીઢો ગુનેગાર છે.લોકોને છેતરવા માટે રિપુ સુદાન પોતે ખુબ જ પ્રામાણિક માણસ છે અને નિયમિત મંદિરોમાં અને ગુરુદ્વારામાં જતો હતો અને ત્યાં દર્શન કરવા આવતા લોકોને ટાર્ગેટ કરીને પછી વાતચીત કરવાને બહાને મારા પિતાજીનો શેર બજારનો અને રીયલ એસ્ટેટનો મોટો ધંધો છે.અને જો તમે રૂપિયા આપશો તો સારો ફાયદો થશે તેમ કહીને લોકોને ભોળવીને રૂપિયા પડાવી લેતો હતો બાદમાં કોઈને રૂપિયા પરત આપતો નહતો અને જો કોઈ રૂપિયા પરત માંગે તો મારી નાખવાની ધમકી આપતો હતો.


**MAKARPURA INDUSTRIAL ESTSTE CO-OP.BANK LTD** 75, GIDC, Makarpura, Vadodara

**ભારત સરકાર ના સિકયૂરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયૂરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના સેકશન ૧૩(૨) નોટીસ :-**
**અમો મકરપુરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કો. ઓપ. બેંક લી., ઠેકાણુ : ૭૫, જી.આઈ.ડી.સી, મકરપુરા, વડોદરા ના અધિકૃત અધિકારી અભી જે. શાહ ઠે. જી.આઈ.ડી.સી મકરપુરા, વડોદરા. તે તમો Shankar Auto Forge - Partnership Firm through partners (1) Ankit Binay Bubna (2) Anju Binay Bubna ઓને આ નોટીસ આપીએ છીએ કેઃ**

(૧) અમારી બેંક ગુજરાત સહકારી મંડળીઓના કાયદા અન્વયે રજીસ્ટર્ડ થયેલ સહકારી બેંક છે, અને અમારી બેક બેન્કીંગનું તથા નાણાકીય સહાય તેમજ ધીરાણો આપવાનું કામકાજ કરે છે.(૨) તમો એ અમારી બેંક માંથી સી.સી/ટર્મ/એજ્યુકેશન લોન Shankar Auto Forge ના વેપાર માટે કુલ રૂ. ૨૦,૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે કરોડ પાંચ લાખ પુરા લોન મેળવેલ છે જેમાં સી.સી લોન રૂ. ૧,૨૦,૦૦૦,૦૦/– જેનો લોન ખાતા નં. ૦૦૦૩૯૧ તથા એચ.એમ. એલ લોન રૂ. ૭૫,૦૦,૦૦૦/– જેનો લોન ખાતા નં. ૦૦૩૭૯૮ તથા ઈ.ડી.એલ લોન રૂ. ૧૦,૦૦,૦૦૦/– જેનો લોન ખાતા નં. ૦૦૨૭૮૫ છે. જેના જરૂરી દસ્તાવેજો તથા સીકયોરીટી એગ્રેમિન્ટ તમોએ અમારી બેંકના લાભમાં કરી આપેલા છે. જે રૂઈએ તમોને આપવા માં આવેલ ધિરાણની રકમ વ્યાજ સહીત તમો બેંકને પરત ભરપાઈ કરવા બંધાયેલા છો. તમોને આપવામાં આવેલ ઉપરોકત ધિરાણ અંગે તમોએ તમારી નીચે પેરા–૯ માં જણાવેલી મીલકત અમારી બેંકને ઇકવીટેબલ મોર્ગેજ થી તારણ માં લખી આપેલી છે અને તે સબ રજીસ્ટ્રાર ઓફીસમાં નોંધાવી આપેલ છે. તેથી અમારી બેંક સીકયોર્ડ કેડીટર્સ છે.(૩) તમોને આપવામાં આવેલ ઉપરોકત ધિરાણ અંગે અમારી બેંકના ચોપડે તમારૂ લોન તારણનુ સી.સી./ટર્મ લોન વેપાર માટે કુલ રૂ. ૨૦,૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે કરોડ પાંચ લાખ પુરા ની લોન આપવામાં આવેલી છે. અને તે અંગેના જરૂરી દસ્તાવેજો પણ તમાએ બેંકને કરી આપેલા છે. તમોએ વસુલ આપેલી રકમ તથા વ્યાજ વગેરેની તમામ વિગતો તમોને આપવામાં આવેલી છે. તમારૂ સદરહું ખાતુ તમો નિયમિત ચલાવતા નથી, અને તમાર તે ખાતામાં તમારે ચુકવવાની રકમો, હપ્તા,વ્યાજ વગેરે તમો નિયમિત બેંકમાં ભરપાઈ કરતા નથી, તેથી તમારૂ તે ખાતુ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ધોરણો અને સુચના મુજબ એન.પી.એ એટલે કે નોન પરફોરમીંગ એસેટસ તરીકે વર્ગીકૃત કરેલ છે. (૪) ઉપરોકત જણાવેલ કારણોસર, અને ભારત સરકારના ધી સિકયુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયૂરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) ની જોગાવઈ અન્વયે તમોને નોટીસ આપીએ છીએ કે, તમારા મીલકત પર તારીખ : ૩૦/૦૫/૨૦૨૬ ના રોજ બાકી નીકળતી મોર્ટગેજ લોનની બાકી રકમ સી.સી લોન માં રૂ. ૪,૫૪,૭૬,૫૨૩/– છે. જેનો લોન ખતા નં. ૦૦૦૩૯૧ તથા એચ.એમ.એલ લોન માં રૂ. ૨,૧૭,૨૧,૦૬૩/– જેનો લોન ખાતા નં. ૦૦૩૭૯૮ તથા ઈ.ડી.એલ લોન માં રૂ. ૨૮,૩૧,૬૯૫ – જેનો લોન ખાતા નં. ૦૦૨૭૮૫ છે. અમ તમામ લોન મળી તારીખ ૩૦/૦૫/૨૦૨૬ ના રોજ બાકી કુલ રકમ રૂા.૭,૦૦,૨૯,૨૮૧/ – થાય છે. તથા સદર લોન ઉપર હવે પછીના કરાર મુજબના વ્યાજ સહીતની રકમ આ નોટીસ તમોને મળેથી ૬૦ દિવસની મુદતની અંદર બેંકને ચુકતે ભરપાઈ કરી દેવા તમોને જણાવવામાં આવે છે.સદરહુ મુદતની અંદર તે રકમ તમો બેંકને ચુકતે ભરપાઈ કરી દેવા તમાને જણાવવમાં આવે છે. સદરહું મુદતની અંદર તે રકમ તમો બેંકને ચુકવી આપવામાં કસુર કરશો તો મુદત વિત્યે અમારી બેંક તમોએ બેંકને તારણમાં આપેલી તમારી માલીકી ની નીચે પેરા –૯ માં જણાવેલી મીલકતનો સીકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટની જોગવાઈઓ મુજબ અમોને મળેલી સત્તાની રૂઈએ તમારી પાસેથી કબજો મેળવી લઈને તથા તે મીલકત વેચી વેચાવીને બેંકનુ લેણું વસુલ કરશે તેની નોંધ લેશ